નામદાર પ્રિનસ આલફરેડ

અથવા

ડયુક આફ એડીનબરોની મુંબઈની મુલાકાતનુ વર્ણન.

બનાવનાર

J. S. M.

ગવરેશી સુભે રહનાર.

મુંબઈ

સનડે રિવ્યુ પ્રેસ.

કિમ્મત બે આના.

ડયુક આફ એડીનબરોની મુંબઈની મુલાકાતનું વરણન

રોલાવૃત.

રાજ કાજમાં પુર, શુર હીંમતમાં પુરા,
દુ:ખોમાં પણ ધીર કળામાં નહીં અધુરા;
વિદ્યા ભણવે પેહેલ, વહેલ પરદેશ જવામાં,
વેપારે સાહસ કરે, ડરિ નહિં કો સામા.

દયા નીતી ને વળી, સભ્યતા ઝાઝી દીસે,
ઉદારતામાં અરે, કોઇથી પાછુ નાચીસે;
મિત્રાઈમાં પણ સાચ, નિચને ઉંચ નહી જાણે,
સૌ માનવિને ગણે, નીજ ભાંડુ પરમાણે.

ઇનસાફે પણ નેક, ટેકના મુકે જાતે,
એવા જે ઇંગ્રેજ, આજ છે આપણ માથે;
મહારાણિ સૌ શ્રેષ્ઠ, હેઠ છે સઘળા ત્હેની,
સઘળો હિંદુસતાન, ઉડે છે ધજાજ જહેની.

બીજો રાણી પુત્ર, પ્રિનસ આલફ્રેડ કહાવે,
સુણી વધાઇ એમ, હાલ તે મુંબઇ આવે;
કરવી શીશી પેર, પરોણાગત કેમ કરવિ,
તે કરવા વીચાર, કમીટી તેની ભરવી.

જમશેદજીએ પહેલ, કરી બોલાવ્યા દેશી,
મીત્રો મળી સહુ ઝટ, કિધો ત્યાં વિચાર બેશી;
કરવિ ટિપ તઇયાર, શકતી સમ રકમજ ભરવી,
વળી વધારા કાજ, ગામમાં ફરતી કરવી.

સૌ પત્રોએ વાત, હાથ એ ઉચકી લીધી,
ડાંડી પીટી બધે, ખબર તે જાહેર કીધી;
સઘળી મુંબઇના લોક, થયા ભેગા ટઉનહાલે,
ભર્યા ઝટોઝટ રકમ, ગજા સમ સૌએ વ્હાલે. ૬
કમીશનર ક્રાફરડ, કરયો ત્યાં પ્રમુખ તેમાં,
શોભીલો ઉદાર, મહેનતુ ગુણીએ જેમાં;
કામો મોટાં કર્યાં, ઘણાં મુંબઇમાં આજે,
જેથી જગમાં શ્રેષ્ટ, આજ મુંબઇ બીરાજે
કહે સ્વદેશિ એમ, કાજ એ સફળજ કરશે,
શુભિચ્છકો સારી ગમત, રમત એ આગળ ધરશે.

પ્રમુખની ખબર.

દોહરો.

આશા એવી ઉરધરૂં, સજન દેશી લોક;
ઘરવાળી રંગાવીને, કરશો ચોખા ચોક. ૧
આવેછે અહીં આપણે, મહારાણીનો બાળ;
દરશન કરિ રાજી કરો, આણી ખાંણાં બાલ. ૨

સ્વદેશીની અરજ.

દેશીઓ મુજ વીનતી, ધરશો હેતે કાન;
પ્રજા ધર્મ પળશે અને, વધશે જગમાં માન. ૧
વફાદારિ દેખાડવા, અવસર આવ્યો પાસ;
જવા ન દેવો હાથથી, આણી મનઉલ્લાસ. ૨
રાજપુત્ર જે આપણો, આવે આપણ દેશ;
આવ્યા મળવા તેહને, મોટા સહુ નરેશ. ૩

સાથ સવારી સામટી, દમામનો નહિં પાર;
થયો ખરે રળિઆમણો, મુંબઈનો આકાર. ૪
માટે મુંબઈવાશીઓ, પડશો નહી પછાત;
રંગો મંદિર માળિઆ, મનમાં થઈ રળિઆત. ૫
બાગ બગિચામાં કરો, જોવા જેવા રંગ;
નિસાન ટાંગો બારણે, લાવી મન ઉમંગ. ૬
લખાવો અક્ષર આંગણે, ચિત્ર વિચિત્રજ એમ;
ભલે પધાર્યા રાયજી, ઈશ્વર રાખે ક્ષેમ. ૭
જેદી ફરવા નીસરે, મહારાણી કુમાર;
ઘર રસ્તા દીપાવવા, કરિ રૂસનાઈ સણગાર. ૮
હાલ દિવાળી આપણે, થાશે લીલા લ્હેર;
રાય અલફ્રેડ પધારશે, હેતે આપણ શેહેર. ૯
કહુ સ્વદેશી દેશિઓ, શુભેચ્છકી કરવી પેર;
રાજપુત્ર આદર થકી, ઓચ્છવ ઘેરેઘેર. ૧૦

સરકારી ખબર.

કુંડલિઓ.

સરકારી હુકમ થયો, બંધ કરી બે રોજ;
કામ મુકીને વેગળાં, સુખે મારો મોજ;
સુખે મારો મોજ, સબબ શાહજાદો આવે;
આવે મળવા રાય, દેશી ઘરબાર દીપાવે;
સરવ સરકારી નોકરો, ઉલટ થકી આવી રહ્યા
અલફ્રેડ આદર કારણે, સરકારી હુકમ થયો.

શાહાજાદાની પધરાંમણી.

લાવણી.

આહ! આજની શી મઝા, ઉડે છે ધજા છાપરે રસ્તે;
બહુ માળ્યા લોકના થોક વરણનું જુગતે. ૧
કોકાકડકડતા કરી, ઉલટ મન ધરી, નીરખવા ચાલે;
કો બેઠા બારી અટારી અગાશી મહાલે. ૨
વળી રસ્તે ઉભી બે હાર, જોવાની બ્હાર, સ્હા કુચડાઇ
ઉચ વરણ સાથ વળી ભંગી ઉભા, અથડાઇ ૩
થઇ પરેલથી બે ઓળ, વાટમાં ધોળ, ન થાવા કાંઈ,
પોલીસ પલટણના સીપાઇ ઉભા અકડાઇ ૪
મોહે શુબેદાર સાહેબો અને અસવારો;
આંમ તેમ દોડતા ફરે સજી હથીઆરો. ૫
મળી મેદાને મેદની જાએ નાગણી મરેમથી કોઇ;
બગી બરૂમ ફેટનો ઉભી રાય રાહ જોઈ. ૬
સ્ટેશને શેઠ સાહુકાર અને સરદાર રાય સહુ આવ્યા
કેટલાક ત્યાં અંગરેજ સાથ સ્ત્રી લાવ્યા. ૭
જ્યાં રચના સારી થઈ જાએના કણી સંધી આ રૂડી
રહ્યા સ્ટેશનની ચોમેર નીસાનો ઉડી. ૮
બેમુલા બીછાના સાર બીછાવી ધાર દીધું સણગારી
બન્યો બાગ સ્ટેશને તેની બહુ બલીહારી. ૯
કહે સ્વદેશી દેશી ભાઇ સ્હો હરખાઇ થઇ તૈયારી
શુભીરછી જુઓ તે આવે ડયૂકની સ્વારી. ૧૦

દોહરા.

ગાડી આવી દોડતી, શાહજાદો લઇ સ્વાર,
ખુશાલીથી ત્યાં થઇ રહયો, હીપ હુરરે ! પુકાર.
મળ્યા પ્રિનસ આલફરેડને, સેઠ શુબા સરદાર
બાર કરી એકવીશને કરયો રાય સતકાર.
મળ્યા પ્રિનસ આલફરેડને, શેઠ સુબા રાજન;
પુછી પરસપર ખુશ ખબર, મન સૌ થયા મગન.
ગાયકવાડ અને મળી ગવરનર તે સાથ;
વહેલે પધરાવ્યો પ્રિનસને ધરી જમણો ડાબો હાથ.
ફરી પાછા ત્યાં થઇ રહયા હુરરેના પુકાર;
આવ્યો બાદશાહી બંગલે શાહજાદો થઇ સ્વાર.

હરીગીત છંદ.

થઇ સ્વાર આવ્યો ચારકે ચાર અસ્વની જે ઉભીતી
સાથે સવારો દોડતા તલવાર કર લેઇ ચળકતી;
વળી તોપખાનું બહુ મઝાનુ સ્વારીની પાછળ પડયુ
રાયો સુબા સરદારપણ આલફરેડનુ શરઘસ ચઢયુ.
સૌ દેસ લામો પ્રિનસ સામો હેતથી કહું વાળતો,
સુણી હુરરેના પુકાર ખુશ થઇ યાર ચાલેનીહાળતો;
સૌ અજબથઇ કહે ગજબ સું સરઘસ આપુરું થયુ,
જોવાનું સુખડું પ્રિનસનું આ ઝડપમાં તોરહીગયુ.
રામ વાડીની પાછળ અને ચોકી અગાડી ચાલતી
સુંદર સ્ત્રીએ ગાડી વધાવી ગજરા ફુલ ફુલ માળથી.

જો શેઠ દોડી ગાડી પુંઠે ફુલ દડા તેહાં ફેંકીયાં,
શાહજાદાતો બહુ ખુશ થયો, ખોળે પડ્યાં ફુલ
બહેકીયા.
કહુંછું સ્વદેશી દેશીઓ એવી રીતે સ્વારી ગઇ,
સરકાર બંગલે પરેલ તે આવીને ઉભી રહી;
શુભેચ્છી શેઠો રાયને સરદાર આદર આલજો,
છે ફરજ સારી વફાદારી આદરે કરી મહાલજો.

તેજ રાતની મીજલસ.

તોટક.

વિશ્રામ લઇ દરબાર થાઇ,
બહુ સેઠ સુબારાય આવ્યા તહીં;
બની શોભા મુખે નવ જાએ કહી,
ખુબ રોશની બીરાજી તે હાર રહી. ૧
ખુબ ખાસા બીછાવ્યા ગલીચા ઘણા,
હોય બેઠકમાં વળી શાની મણા;
માવ્યા ગરહસ્થો કહુ નવ જાએ ગણ્યા,
જોઈ ઢોળ દમામ તે ચક બન્યા. ૨
ગાયકવાડ ગવરનર ઉભા જઈ,
જમણા ડાબા વચે શાહાજાદો સહી;
પછી સર્વની સાથ સલામ થઇ,
મળી બેઠી સભા પછી ઉઠી ગઇ. ૩
બની આતસબાજી બધા ત્યાં ગયા,
જોઇ ખાઇ મીઠાઇ તૃપ્ત થયા;
લેઈ ચાંપીન ખુશાલીમાં હુરરે થયા;
સ્વદેશી શુભેચ્છી પછી ઘેર ગયા. ૪

ભુજંગી છંદ.

સનીને દીને દેશી ગરહસ્થ મેળીને,
દીધુ આદરે માનપત્રજ નમીને;
સ્વીકારી માન્યો પાડ આલફ્રેડે જાતે
દીધુ રાય શુબે જુદુ માન પોતે. ૧
વળી તે દીને ભાઇ રૂસનાઇ કાંઈ,
હતી દારૂખાને બની બહુ નવાઇ;
જોવા લોકોના થોક ચાલ્યા ઉભાઇ,
તેનુ બ્યાન જાફ ન કલમે લખાઇ. ૨

રોશણી, રચના, સ્વારી.

ગરબી.

આહા આજે જે શોભા થઇ તે વરણીના જાએ
અલફ્રેડ તણી દેખી રૂડી રચના દીલ હરખાએ
જોઈ પરેલથી નીકળી પેહેલ,
રૂશનાઇ રૂડી સરકારી મેહેલે
નહી ખામી વળી વાડી બંગલે. આહા ૧
સંચાસુતરને ચ્યાસ ભરી,
વિદ્યાશાળા રચના જબરી;
જોઇ દેશી દીલતો જાય ઠરી. આહા ૨
દીઠો ત્યાં દરવાજો નજરે;
રૂશનઇથી સણગારેલ ખરે,
હોય બાંધ્યો અસલી કારીગરે. આહા ૩

દાઉદ સાશુનને ઘેર બની;
શોભા સારી રૂશનાઇ ઘણી,
બહુ દીપે કમાનો પુલપરની. આહા ૪
આગલ સ્ટેશનપર ઝાઝીમઝા;
ચોમેર ઉડતા દીસે ધજા,
વળી કમાની શુંદર દરવાજા. આહા ૫
બે બાજુ કમાનો આવી રહી;
જુઓ રમ્ય ચૌત્ર ત્યાં નજરે જઇ,
જેની શોભા કોથી ન જાએ કહી. આહા ૬
કોએ લખ્યું ભલે આલફ્રેડ આવ્યો;
કોએ લખ્યું મહારાણી ઘણું જીવો,
ડયુક એડીનબરતો કુળ દીવો. આહા ૭
સાસુગારીયાં રૂડા મંદીર બે;
થાઉથા ક્રીસ્ચીઅનના કહુંજે,
દીસે યાં સ્વરગ ભુવન બે તે. આહા ૮

લાવણી.

પાયધુણીની આગળ ભાઇ શોભાનીશી બલીહારી
સ્વારીની ચોમેર ચાલતા શસ્ત્ર સ્વાર લઇ કરભારી–
દીપે કમાનો દીવા કેરી પાયધુણીથી ચોકી શુધી;
સૌ કહે જોનારા રૂસ્નૈયાં, નથિ દિઠિ એવી આજ શુધી;
રામલાલે રૂસનઇ કરી બહુ, શીવલાલ શું પાછો હટે;
ધોરી રસતે દોરીપર બે બાજુ દીપ વૃક્ષો લટકે;
રામવાડીથી આગળજાતા ગ્યાસ કમાનો દીપે ભારી.
સ્વારીની ચોમેર ચાલતા શસ્ત્ર સ્વાર લઇ કરભારી

પાય—૧

દિવાળિસઘળે રસ્તે દિપતિ,હોળી સર્વ ગયા વીસરી;
મુમબઇ જાણે બની લંક તે, રાજા રાવણનીનગરી;
રામદાસના ઘરની શોભા, ખંડેરાવના પણ ખાસી;
કોલભાટ વાડીની રોસની,કોણ કહી સકશે રાસી;
દરવાજાપર લખ્યા અક્ષરો,તેની તો બહુ ખુબી
નેઆરી;
સ્વારીની ચોમેર ચાલતા, શસ્ત્ર સ્વાર લઇ કર-
ભારી—પાયા ૨

પંચ પારશી પણ તેહાં શોભે, રંગ બેરંગી પોસાકે;
મની સ્કુલ રરતનઇથી ચળકે, તે રસ્તાનેકહુનાકે;
સામે બાંધ્યો બુરજમઝાનો,ચારમીનારા ઉભાકરી;
શસ્ત્રોથી સણગારી દીધા આજુબાજુએ ટોપ ધરી
બહુ દરવાજા ઊભા કર્યા ત્યાં,વચે વિશાળજ ચોકકરી;
સ્વારીની ચોમેર ચાલતા,શસ્ત્રસ્વાર લઇ કરભારી;
પાયા—૩

દરવાજા બહુ દીપે શોભે,જાણે બાલોર કાચે કસ્યા;
આસપાસ ઊડે નિસાન ફાનસ લોકો ત્યાં જો
વાને ઠસ્યા;
દીપવૃક્ષ ત્યાં કાષ્ટજકેરા, દીપે તાડ સમા મોટા;
કાપડ કાગળના વળીશોભે,શુંદર તરેહના ફુલગોટા
દરવાજાની અંદર ચિતરોમુકયાં તેની શોભાભારી
સ્વારીની ચોમેર ચાલતા શસ્ત્ર સ્વાર લઇ કર.
પાયા—૪

ઓઆરણની રાહ.

એવી રીતે જોતા ચાલ્યો રાએ;
ખુશી સરવ જોઇ હરખાયે. ૧
દીપે દીવાની રસતે બે હાર;
કરે પ્રિનસને સરવ જુહાર. ૨
હુરરે હુરરે પુકારે મુખ;
થાય ખુશી ના લાગે દુઃખ. ૩
ભાઇ નાકે આવ્યો ત્યાં ફુવારો;
તેની શોભાનો હોય શું આરો. ૪
વચે ઉભી હતી એક નારી;
સાથે બળતી આંગીઠી ધરી. ૫
ચોપાસ દીવા બહુ સળગે;
માહે ઉડતું પાણી તે ચળકે. ૬
એની સામે ભાગળ એક મોટી;
ઉભી ચળકી રાય રાહ જોતી. ૭
પારસિ હિંદુ સ્ત્રી સણગારી;
ઉભી લેવા તેહાં રાયઓવારી. ૮
એવી રીતે જોવા આતસબાજી,
આવી આલફરેડ સવારી ગાજી. ૯
મળ્યા શેઠ બહુ સરદારો;
લાગે ગરીબોનો તો ક્યાંઆરો. ૧૦
બહુ સારૂ બનીઉ દારૂ કાંમ,
હતુ મન કરવાનુ તે કાંમ. ૧૧

લાગ્યો લોક ઉભા મેદાંને,
કોઈ પાળા ઉભા કો વાહને. ૧૨
જોઇ શાહજાદા સ્વારી ચાલી,
જોવા કોટ ખુણે ખુણે નીહાળી. ૧૩

ગરબી.

ગાડી દોડતી ગઇ પછી કોટમાં જો;
સર્વે લોક રાયનીરખવા ઉભા રહ્યા જો ટેક.
ચર્ચ સ્ટ્રીટ હટેહટ આજ દીપતી જો;
દીપ વના ખુણો કોઈ ખાલી નથી જો. ૧
આજની ન જાય શોભા કહી સહેરની જો;
કાવસજીએ આજ કીધી લાઈટ બહુ ઘણી જો. ૨
રૂડી નારીએ વધાવ્યો આલફરેડને જો;
ખુશી થયો પ્રીન્સ સમજી રૂડા ભેદને જો. ૩
ટાંઇમ્સ બારણે મહારાણીજી બીરાજતી જો;
સર્વ લોકની તે છબીપર નજર જતી જો. ૪
દેવળદ્વાર દીપહાર ભાતભાતની જો;
નહી ભુલે રમુજ કોઇ આજ રાતની જો. ૫

ચોપાઈ.

એલફીનસ્તન સરકલ કહેવાય,
રચના તેની કહી ના જાય;
કીધા કટેરા નકશીદાર,
ગેયાસ દીપની લાગી હાર. ૧

દરવાજા આ આ જઇ જુવો,
વચે ફુવારો ઊભો થયો;
પાણી ઉડી અડકે આકાશ,
જોઇ ખુશી થઈ સૌ કહે હાશ. ૨

ગણી દીવા કો કાહાડે પાર,
ટાઊન હાલ બની નકશીદાર;
બારી દરવાજા દેવાલ,
દીશે દીપથી આક ઝમાળ. ૩

સરકલની ઇમારત સઈ,
ગગને અડકી રાખી ગઈ;
રૂસનાઈ રચના શોભા ઘણી,
ન ગમે જાવું કહુ ઘર ભણી. ૪

ઇંદ્રપુરીતો અહી થઇ રહી,
સ્વર્ગ ન એથી સાર કંઇ;
એવો મંન સૌ કરે વીચાર,
ફરી ન એવી થશે બ્હાર. ૫

ગરબી.

ચાલો ચાલોરે જોઇ ટૌનહાલ જરા આગલચાલો
જુઓ જુઓ દીપે શી પેર રૂડા રંગ મ્હાલો. ટેક
આગળ જાતાં બરાક આવે તેપણ દીપે ચળકેરે;
માણેકજી અગીઆગી પાશે આરકું જુવોઉમળકે.
રૂડા. ૧

નસરવાનજી વાડીવાલે હેતે ખરચ્યા દામરે;
રોસ્ની કરી નીસાન ઉડાવ્યાં વફાદારીનું કામ.

રૂડા—૨

શાહાજાદાની ગાડી ત્યાપણ આવી ત્યારે વધાવીરે;
બપોરીઆ સળગાવી ગમત ઘણી સારી નીપજાવી.

રૂડા.—૩

રસ્તો બધા બજારગેટનો ખુણે ખુણે ચળકેરે,
આગળ જાતાં મેદાન મારગ દીપવૃક્ષથી ઝળકે.

રૂડા—૪

ફ્રેરાફુર્ડની મારકીટ રૂપાળી સાત લાખનું ધનરે;
ઘંટ ઘડી કરી મુકી મીનારો જોઇ ઠરેછે મન.

રૂડા—૫

બજારરોશની સું વરણું હું નથી કામ તે સ્હેલરે;
એને કોણ બજાર કહે ભાઇ, છે દરબારી મ્હેલ.

રૂડા—૬

ફુવારો વળી બાગ બનાવ્યો, મન ઠરવાનું ઠામરે;
ધન ફ્રાફુર્ડ કહે સૌ તુજને, અમર થયું તુજ નામ.

રૂડા—૭

આગળ કાપડ બજાર આવ્યું, જુનુ તે શું સારરે;
નવું બજાર કહે હું તુજને, માથેથી ઓવારૂ.

રૂડા—૮

નવાબજારની રોસ્નીસારી ચોકસીબજાર શું ચુકેરે
રોશની એવી થઇ કહીએ કે, દીવાલી દુર મુકે.

રૂડા—૯

મુંબાદેવીમાતામાં પણા થઇ રસનાઇ સારીરે;
તળાવ સઘળુ દીઠુંતુ કહુ, કમાનથીસણગારી.
રૂડા—૧૦

ત્યાંથી આગળ જાતાં દેશી અસલી રસ્તો આવ્યોરે
તે મુકી સૌ આગળ ન્હેલા; ઇસ્પીતાલ ભણી જાઓ.
રૂડા—૧૧

બાબુલાને તળાવ કહેછે, ફરતી કમાન આવીરે;
આગાની મસજીદ ઉંચેથી, જુવે બધુ ડોકાવી.
રૂડા—૧૨

આગળ આવ્યા રસ્તાની બે બાજુ કમાન જો શોરે
મજગામે પણ રૂડી રોશ્ની, નહિ જોશો તો ખોશો.
રૂડા—૧૩

પોલીસ પણ નથી પાછી હઠીને, જમશેદજીને ઘેરરે
દીપ સુરજ બહુ આવી ઉભા, જોવા મુંબઇ શ્હેર.
રૂડા—૧૪

એવી રીતે સઘળુ મુંબઇ, રોશ્નીથી બીરાજયુંરે
તરેહ તરેહના વાદ્યનાદથી, શ્હેર મુંબઇતો ગાજયું
રૂડા—૧૫

સ્વદેશી એવી શોભા સઘળી જોઇ ચાલ્યો ઘેરરે
શુભાસ્છી કહે અલફ્રેડ આ મુંબઇ, છે ચ-
ઢીઆતું શ્હેર. રૂડા—૧૫

દોહરા.

રવીને દીન નહી કાંમ કંઇ, કર્યું રાખી મન ટેક;
ઝાઝ ઉપર જઇને ભજયો, ઇશ્વર જેછે એક. ૧
સાંજે દેવલકોટને, જશે વાત સુણી કાન;
શીપાઇ પલટણ લોક સૌ, ઉભા દેવા માન. ૨
પણ એ વાત રહી પડી, સર્વ થયા મનભંગ;
મળ્યા લોક વેરાઇગયા, ધરી મન કાંઇ ઉટંગ. ૩

સાખી.

સોમ સવારે મળવા આવ્યા, દેશી ગરહસથ રાજન;
મળી ભેટી સૌ પરસ્પરે કહું, હરખ્યા આપે મન. ૧
ગોવા દમણ તણા ગવરનર, આવ્યા મળવા મ્હેલ;
લાહજનો શુલતાન પુત્રપછી, જોવાની બહુ સ્હેલ. ૨
જુનાગઢના નવાબની પછી, ધરાંગધરાનો રાય;
આગાખાન મળીપછી ઘેરે, જતાં ઘણો હરખાય. ૩
આવી રીતે મળી બીજાને, ચાલ્યો મળવા જાતે;
ગાયકવાડ તણા તંબુમાં, ગવરનર સંગાથે. ૪
ગાયકવાડે માન આપીને, આપ્યો ડગલો એક;
કંબીઓ વળી જડેલ ઝવેરે, રકમ લાખ બે નેક. ૫
સેલર શાહાજાદાને નામે, સેલર હોમ બનાવા;
અરજકરી વળી પથર મ્હેલો, પ્રિનસપાસ ચણાવા. ૬
કબુલ કરી તે ચાલ્યો ત્યાંથી, રાવ કછને ઘેર;
રાવે દેઇ માન ઝાજુ ને, બક્ષી એક સમશેર. ૭
વળી ઢાલ ગેંડાની કીમતી, ભાલો ગુપ્તી પાળી;
જડાવ કછી કારીગરીથી, દીશે બહુ રઢીઆળી. ૮
કોલાપુરના મળી રાયને, આગાને ત્યાં ચાલ્યો;
મળી સરવને એવી રીતે, કહુઘરભણી સીધાવ્યો. ૯

પ્રભાતીયું.

મંગળે સવાર ઉઠી ગોદીમાં ગયોતું;
લોક વાટ ઘેરી ઉભુ મુખ્યકું તુજ જોતું—મંગળે.
સર્વ કામ જોઈ ફરયો ઘેર કહુ જયારે;
કારીગરે દીધુ માન હુરરેને પુકારે. મંગળે
ગયો પછી બપોરે જોવાને રૂડા મ્હાડા;
બારીપુરીએ થયો જમાવ લોક ધાડા. મંગળે
રોશની થઈ પાલવે ના મ્હાડે કાંઇ ખામી;
બોટતણી હાર ઉભી રહી સામસામી. મંગળે
તોપે તડાકા કર્યા સવારી જયારે ગઇતી;
જોઇ કોતરકામ પ્રિનસ અકલ ગુમ થઇતી. મં૦
લેખ પડચા જે લખેલ બાહુ ભલે વાંચે;
જોઈ બુદ્ધિ બાહુ તણી કહુછુ પ્રિનસરાચે મં૦
સર્વ કામ જોઇ ફરયો, કહુ મધ્ય રાતે;
અમીરશાહ ખરો પણ તે મ્હેહનતુછે જાતે. મંગળે.
લોક થોક ઉભા તોય રાત ગઇ અરધી;
પ્રિનસ જશે વાટ આ સુણીથી એની વરધી. મંગળે
સીપાઇ બની મુર્ખ રૂડી નારી કો સંતાપી;
સાહેબ જઇ પાસ માગી ખોલ અકલ આપી. મં૦
બાર ઉપર દોઢ સમે ગયો પ્રિનસ મ્હેલે;
ચાર અસ્વતણી કહું ચઢી આપ ગ્હેલે. મંગળે.

ચોપાઇ.

બુધને દીન ખંડાલે ગયો, જમસેદજીને બંગલે રહ્યો
બોરઘાટનું કોતરકામ, જોઇ બોલ્યો મુખે આમ.
દશા ફરી આ દેશજ તણી, વધશે દોલત કહુ ઘણી;
ખાઇપીને પછી આવ્યો ઘેર, મકલાણો જોઇ
મુંબઇ સ્હેર.
રાત્રે પણ નહી નવરો થાય, બાલ સરકારી મ્હેલે થાય;
તેમાં વળી એક થઇ નવાઇ, બોલાવ્યાં તીયાં દેશીભાઇ
ગાયકવાડ ભલો મ્હારાજ, કોલાપુરનો કહુ વળીરાજ;
લાઅજનો શુલતાનજ ભલો, નવાબ પણ ત્યાં આ
વી મળયો.
બીજા સરદારો રાજંન, દેશી ગૃહસ્થ કરી આ-
વ્યામન
શાહાજાદો મીસ ટકર સાથ, નાચ્યો હેતે ઝાલીહાથ.
ગવરનરપણ હેતે કરી, નાચ્યો લઇને તે સુંદરી;
બીજાપણ નાચ્યાતે મ્હેલ, જોવાનીહતી ઝાઝીરહેલ.
દેશી કરી તદબીરલ્યો સુખ, વલ્યું ઉભાસુ જોઇમુખ;
ઝાઓનાચોને ખુશીથાઓ, શીખીસર્વે હેતેહરખાઓ.

ગરબી.

ગુરવારે જે બીના બની લગભગ રેશ પાનેરે,
પ્રિનસ આલફરેડ આવ્યો મુંબઇમાં ભુલાયતે કહુ
સાનેરે ટેક.

મ્હેલ મ્હોરે ચોચપોગલીપર આવેલી જેશાળારે;
કાવસજી ઝાંહાગીરે બાંધી, જે રેડીમનીવાળારે.

તે જોઇ ચાહયો પારસીઠાલમાં, જમશેદજીની જેછે રે;
વળી પાદરીશાળા જોઇ, જયાં બહુ ગરીબો રેહેછે રે
બપોરના શેનશાહીપંથી દશતુર જામાસ્પજીએ રે
જંદ ભાશામાં દીધી આશીસ શાબાશી શી ક-
હીએ રે.
ધન ભાગ્યે જાંહાંગીર તમારં જઇ દસતુરજી
સાથ રે;
દુભાશીઆ બની કરી હેતથી, શાહાજાદા સુ વાત રે.
પછીસાજના પાચ સમે કહુ શાહજાદાની સ્વારી રે;
એલેકઝેનડરા નિશાળ જોવા આવી દમામે ભારી રે
ફેંનસી બજાર ભરાવાનું જે, રચના તેની દીઠી રે
દેશી સ્ત્રીઓ આવી ઉભી તે જોઇ નજર કરી મીઠી રે
આનાબાઇએ રાચ હાથમાં આપ્યો ફુળનો તોરો રે
ગાયન અંગ્રેજી વળી ગાયું રાગ કહાડી મધુરો રે;
આસબરન બરશેદજીની ઘણી આણી શીરીનબાઇ રે
દુપટો ઓરાઢી પ્રિનસને હાર ઘાલી હરખાઇ રે.
ઓવારણાં બમનજી કામાની બૈરીએ લીધાં રે;
ધનય ધનય ઓ નાજુક અબલા કાજ સફળ તું
કીધાં રે ૯
પછી તાયાંથી તે પ્રિનસ રવાના થયો થઇ ખુસાલ રે
રસેલ હોમ રચાવા માટે કહુ તેનો હેવાલ રે.

ગરબી.

મેળો મોટો મળયો મેદાને આજતો,
મળ્યા શેઠ સાઉકાર અને વિદ્વાનજો;
સેલરહોમ સરૂ કરી પાયો નાખવા,
ગાયકવાડને દેવા આદરમાનજો. મેળો ૧
બજારગેટ નજીક જગા નકી થઇ,
સણગારી નીસાન સરસ ખીછાનેજો;
તમાશગીરતણી તે ઠઠ થોડી નહી,
પલટણ બેંડ ઉભું તીયાં આદરમાનેજો. મેળો ૨
તોપ તડાકા શાહજાદા આવે થયા,
ખુશાલીથી તીયાં પથર ચણીયો મ્હેલજો;
ગાયકવાડ ગવરનર સાથે લઇ ગયા;
પીતા અને માતાનો જોવા મ્હેલજો. મેળો ૩
શાક ભાજી ફુલ ફળાદી સંગ્રહ જયાં કર્યાં,
તંબુ કરયો તૈયાર હવેલી ખાસીજો;
વસ્તુ વરણન કરે પાર આવે નહી,
જો જાઓતો જોજો સરવ તપાસીજો. મેળો ૪
હોજ ફુવારા રચના રૂડીછે થઇ,
સુંદર પશુ પંખી જોઇ હરખ ન માયજો;
રોશની રૂડી થઇ તે તીયાં જોઇ કરી,
ઘેર જવાનું મન કોને ના થાયજો. મેળો ૫
ગવરનર શાહજાદા ગાયકવાડને,
જૈને સૌએ મળી કરી સલામજો,
આપ આપને ઘેર ગયા સૌ ખુશી થઇ;
શાહાજાદો અલફ્રેડ ગયો મુકામજો મેળો ૬

દોહરો.

શાહજાદા શુક્રદીને, જવા થયો તૈયાર,
પણ અડચણ આવે થકી, રદ થયો તે વાર. ૧
મળયા તે દીને માનથી, ઘણાએક શ્રીમંત,
જુનાધઢનો જાણીતો, નવાબ પણ ધનવંત ૨
સનીને દીન સવારમાં જવા થયો તૈયાર,
ગોદીમાં સૌ જઇ મળયા, રાય શેઠ સરદાર. ૩
શાહાજાદાની સવારીને, જોવા ઊભા સર્વ,
મળી મેદની દાખવે, હોએ મોટું પર્વ. ૪
પરેલથી નીકળી કરી, ગયો ગોદીમાં જાણ,
નીહાલી સર્વ ઉમંગથી, હેતે કરે વખાણ. ૫
સ્ટીમરમાં થઇ સવારને, છોડયું મુંબઇ શેહેર,
મળયા લોક વાટે બધા, ગયા સર્વ તે ઘેર. ૬
સ્વદેશી કહે સૌ દેશીઓ, એજ ખરો હેવાલ,
સુભીરછી વાંચી સર્વ તે, ધારૂં થશો ખુશાલ. ૭

આશીરવાદ.

પ્રિતે અહીં પધારીને, સ્વર્ગ કરયું આ સ્હેર;
નહીં દ્રવ્ય મુંબઇ પણ, દેખી લીલાલ્હેર. ૧
સર્વ સર્જન સંપથી, શી કરી તુજ બરદાસ;
આદર જે થોડું થયું, શુભ માની લે ખાસ. ૨
લક્ષે હિદુસ્તાનનો, ભેદ લઇ ઉમરાવ;
ફતે પામી તુજ કામમાં, છાપી તુજ ફરી દરશાવ. ૩
રેહમવાલી મ્હારાણીનું, નામ આમર રહે રાજ;
દૂર દુસ્મન આદેશના, રક્ષણ કરતા રાજ. ૪
સ્વદેશી કહે બાદશાહી કુલ, શુભીરછી રહે ખુશાલ;
આશીશ દે એવું પ્રભુ, કરી મુજ વીનતી વ્હાલ.

સમાપત.

ખબર.

નીચે લખેલી ચોપડીઓ કાલકાદેવીને રસ્તે મનોર[illegible]સ રૂપજીની દુકાનેથી તથા ગરાંટ પોરટુગીઝના દેવળન[illegible] રસ્તે સંનડે રિવીઉ પરેસમાંથી અને કોટમાં બેરામજી હો[illegible]રમજી લેનમાં ધરમના દવાખાનાની સામે ધનજીભાઇ શો[illegible]રાબજી બુકબાંઇડરની દુકાનેથી વેચાતી મળશે:—

	રૂ.	આ.	પૈ.
નામદાર પ્રિનસ આલફ્રેડ અથવા ડયુક આફ એડીનબરોની મુંબઈની મુલાકાતનું વરણન.................	”—	૨—	[illegible]
ગુજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ પ્રા. કા. તથા જ. સ. નો બનાવેલો........	”—	૧૨—	”
ભરૂચ પ્રદર્શન વર્ણન................	”—	૫—	”
ગુજરાતી ભાષાનો ખરડો.............	”—	૩—	”
કવિતા તથા સાદી ઇબારતનો કોષ્ટક (છપાયછે)..................... ...	”—	૨—	”
ઇશ્વર સતુતી...........	”—	૧—	”
ડોલબાલુ શુધરેલને ચાબકા...........	”—	૨—	”
પાલણાપોથી...................	”—	૨—	”
શેરસટાનું વરણન................... ...	”—	૪—	”
બાળગાયન (થોડીજ રહીછે)...	”—	૪—	”